જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦

ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૧/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઇકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૩ બીયરટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૩,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઇકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૬૪/૨૦૨૬**

કાલુપુરઃ અજયકુમાર સ/ઓ નારાયણભાઇ લખવારા (ઉ.વ.૩૨)(રહે.મસ્જીદ ચોક, એસ.ટી. રોડ, માણસા તા.માણસા જીલ્લો.ગાંધીનગર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૬ બપોરના ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન ઘી કાંટા ચાર રસ્તા ખાતે આવેલ યશ બેંક સામે એક ઓટોરીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ અજાણ્યા ત્રણ પુરૂષોએ ભેગામળી અજયકુમારને પેસેન્જર તરીકે રીક્ષામાં બેસાડી, અજયકુમારની નજર ચુકવી તેમના પેન્ટના જમણી બાજુના ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ, રીક્ષા ચાલકે “સીટમા બરાબર બેસતા ફાવતુ નથી” તેમ કહી અજયકુમારને ઓટોરીક્ષામાંથી નીચે ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.સીંધી ચલાવે છે.

ધાબાની સીડીથી પડી જતાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૬૫/૨૦૨૬**

રાણીપઃ જીતેન્દ્રકુમાર જયંતિભાઇ રાઠોડ (ઉ.વ.૪૬)(રહે.રૂદ્રપ્રયાગ એપાર્ટમેન્ટ, તુલસીશ્યામ સોસાયટીની બાજુમાં, રાણીપ) તા.૧૨/૦૧/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબાની સીડી પરથી પગ લપસી જતા પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૧/૨૦૨૬ રાતના ૧૦/૩૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સુરેશભાઇ કાવજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૬/૨૦૨૬**

શહેરકોટડાઃ ગંગાબહેન વિજયભાઇ પટણી (ઉ.વ.૪૩)(રહે. ઘાંચીની ચાલી અશોક મીલ સામે, નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે દરવાજાના લાકડાના મોભ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઇ અરજણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી